**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**
**અમદાવાદ શહેર (P.R.O.)**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**
**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૧/૦૧/૨૦૨૫ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૦/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૨૦૨ લીટર દેશી દારૂ, ૩૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૫૨ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૧/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૫૨/૨૦૨૫

**સાયબર ક્રાઇમઃ** ચાંદખેડા ઝુંડાલ સર્કલ કે.બી.રોયલ શ્રીનીટી સોસાયટી ખાતે રહેતા વૃધ્ધ મહીલાએ તા.૧૦/૦૧/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૧/૨૦૨૫ થી તા.૦૮/૦૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ વૃધ્ધ મહીલાના મોબાઇલ નંબર ઉપર ફોન કરી પોતે “ટેલીકોમ ડિપાર્ટમેન્ટ”માંથી વાત કરતા હોવાની ઓળખ આપી જણાવેલ કે તમારા મોબાઇલ નંબર થી ૬.૮ કરોડ જેટલી રકમનુ ટ્રાન્જેક્શન થયેલ છે અને તે બાબતે મુબંઇ ખાતે મની લોન્ડ્રીંગનો કેસ રજીસ્ટર થયેલ છે તેવી હકિકત જણાવી, હું તમારો ફોન પોલીસ ઇન્સ્પેકટર રાહુલ કુમાર યાદવ તથા દીપ સાગર ક્રાઇમ ઇન્વેસ્ટીગેશન ડિપાર્ટમેન્ટ સાથે કનેક્ટ કરી આપુ છુ તેમ કહી અન્ય અજાણ્યા વોટ્સએપ મોબાઇલ નંબરથી વિડીયો કોલ કરી પોતે પોલીસ ઇન્સ્પેકટર હોવાની ઓળખ આપી, નામ સરનામાંની વિગત પુછી અલગ-અલગ ડરામણી વાતો કરી વિશ્વાસમાં લઇ બેન્ક ખાતાની માહીતી અને જરૂરી દસ્તાવેજ મેળવી લઈ, તેમજ વોટ્સએપમાં સ્ક્રીન સેરીંગ મારફતે વૃધ્ધ મહીલાના મોબાઇલ ફોનમાં બેન્કની એપ્લિકેશન ખોલાવી બાયન્નાસ નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી, ખાતામાં રહેલ રૂપિયા આર.બી.આઇ.માં વેરીફીકેશનમાં મોકલવાના હોવાનુ જણાવી અને વેરીફીકેશન બાદ પરત મળી જશે તેમ કહી વૃધ્ધ મહીલાના ખાતામાંથી રૂપિયા ૮,૭૮,૦૦૦/- તેઓના અલગ-અલગ બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરાવી લઈ પરત નહી આપી છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ડાંગર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૩/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** હરેશકુમાર બળદેવભાઈ વાળંદ (રહે. વચલો વાસ રામજી મંદીરની બાજુમાં ભાડજ ગામ ભાડજ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૧/૨૦૨૫ રાતના ૧/૪૫ થી સવારના ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોકરમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧૨,૮૨,૫૦૦/- મતા ચોરી કરી લઈ ગઈ છે, તેમજ સાહેદના મકાનના દરવાજાનું તાળું તોડી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૯૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૪/૨૦૨૫**

**ઓઢવઃ** વાસુદેવભાઇ શંકરભાઇ પટેલ (ઉ.વ.૫૫) (રહે.પ્લોટ નં.૧૨, હર્ષદ કોલોની, 'ડી' માર્ટ સામે બાપુનગર) એ તા.૧૦/૦૧/૨૦૨૫ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૧/૨૦૨૫ સવારના ૧૦/૪૫ થી ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન રબારી કોલોની બ્રીજ નીચેથી સોનીની ચાલી બ્રીજ સુધીની શટલ ઓટોરિક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષાચાલકની મદદગારીથી રિક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ વાસુદેવભાઈ પટેલની નજર ચુકવી બેગમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૫/૨૦૨૫**

**ચાંદખેડાઃ** અજીત સ/ઓ ઉદય કુમાર (ઉ.વ.૩૮) (રહે. આનંદ વિહાર ફ્લેટ ત્રાગડ રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૧/૨૦૨૫ રાતના ૮/૫૦ વાગ્યા પહેલા ત્રાગડ ફાટકથી ખોરજ ખોડિયાર તરફ જવાના થાંભલા નંબર- ૭૭૨/૨૭ થી ૭૭૨/૨૫ વચ્ચે ટ્રેઈન નીચે પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ આંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઇ સુકાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી